# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## શૈક્ષણિક વર્ષ - 2024-25

## ધોરણ-10

## વિષય : સામાજિક વિજ્ઞાન (10)

## વાર્ષિક પરીક્ષા

સમય : 3 કલાક **પ્રશ્નપત્રનું પરિરૂપ** ગુણ : 80

નોંધ : આ પરિરૂપ વિદ્યાર્થીઓ, શિક્ષકો, પ્રાશ્નિકો, મોડરેટર્સ વગેરેના માર્ગદર્શન માટે છે. જે તે વિષયોના પ્રાશ્નિક તેમજ મોડરેટર્સને માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણના બૃહદ્ હાર્દ/ઉદેશને સુસંગત રહી પ્રશ્નપત્રની સંરચના બાબતે ફેરફાર કરવાની છૂટ રહેશે.

હેતુઓ પ્રમાણે ગુણભાર :

| હેતુઓ | જ્ઞાન (K) | સમજ (U) | ઉપયોજન (A) | ઉચ્ચ વૈચારિક કૌશલ્ય | | કુલ |
|---|---|---|---|---|---|---|
| | | | | સંયોજન/વિશ્લેષણ | અનુમાન/મૂલ્યાંકન | |
| ગુણ | 16 | 40 | 15 | 05 | 04 | 80 |
| ટકા(%) | 20 % | 50 % | 18.75 % | 6.25 % | 05 % | 100 % |

પ્રશ્નના પ્રકાર પ્રમાણે ગુણભાર :

| ક્રમાંક | પ્રશ્નનો પ્રકાર | પ્રશ્નોની સંખ્યા | | |
|---|---|---|---|---|
| | | વિકલ્પ વિના | વિકલ્પ સાથે | કુલ ગુણ |
| 1. | હેતુલક્ષી પ્રશ્નો (O) | 24 | 24 | 24 |
| 2. | ટૂંકજવાબી પ્રશ્નો (SA-I) | 09 | 13 | 18 |
| 3. | ટૂંકજવાબી પ્રશ્નો (SA-II) | 06 | 09 | 18 |
| 4. | વિસ્તૃત જવાબી પ્રશ્નો (LA) | 05 | 08 | 20 |
| | કુલ | 44 | 54 | 80 |

પ્રકરણ પ્રમાણે ગુણભાર :

| ક્રમ | પ્રકરણનું નામ | જનરલ વિકલ્પ વિનાગુણભાર | જનરલ વિકલ્પ સાથે ગુણભાર |
|---|---|---|---|
| 1. | ભારતનો વારસો | 03 | 05 |
| 2. | ભારતનો સાંસ્કૃતિક વારસોઃ પરંપરાઓ : હસ્ત અને લલિતકલા | 03 | 05 |
| 3. | ભારતનો સાંસ્કૃતિક વારસો : શિલ્પ અને સ્થાપત્ય | 04 | 07 |
| 4. | ભારતનો સાહિત્યિક વારસો | 04 | 04 |
| 5. | ભારતનો વિજ્ઞાન અને ટેકનોલોજીનો વારસો | 04 | 08 |
| 6. | ભારતના સાંસ્કૃતિક વારસાનાં સ્થળો | 04 | 04 |
| 7. | આપણા વારસાનું જતન | 03 | 03 |
| 8. | કુદરતી સંસાધનો | 04 | 07 |
| 9. | વન અને વન્યજીવ સંસાધન | 04 | 04 |

| ક્રમ | પ્રકરણનું નામ | જનરલ વિકલ્પ વિનાગુણભાર | જનરલ વિકલ્પ સાથે ગુણભાર |
|---|---|---|---|
| 10. | ભારત : કૃષિ | 05 | 09 |
| 11. | ભારત : જળ સંસાધન | 03 | 03 |
| 12. | ભારત : ખનિજ અને શક્તિનાં સંસાધનો | 03 | 05 |
| 13. | ઉત્પાદન ઉદ્યોગો | 03 | 05 |
| 14. | પરિવહન, સંદેશાવ્યવહાર અને વ્યાપાર | 03 | 03 |
| 15. | આર્થિક વિકાસ | 03 | 03 |
| 16. | આર્થિક ઉદારીકરણ અને વૈશ્વિકીકરણ | 03 | 03 |
| 17. | આર્થિક સમસ્યાઓ અને પડકારો : ગરીબી અને બેરોજગારી | 04 | 08 |
| 18. | ભાવવધારો અને ગ્રાહક જાગૃતિ | 03 | 06 |
| 19. | માનવ વિકાસ | 04 | 04 |
| 20. | ભારતની સામાજિક સમસ્યાઓ અને પડકારો | 05 | 05 |
| 21. | સામાજિક પરિવર્તન | 04 | 04 |
| 22. | પ્રકૃતિમાં પોષણ વ્યવસ્થા | 02 | 02 |
| 23. | માર્ગ-સલામતી અને વાહનચાલક | 02 | 02 |
| | કુલ | 80 | 109 |

નોંધ : જનરલ વિકલ્પ સાથે દર્શાવેલ પ્રશ્નના ગુણ નમૂનાના પ્રશ્નપત્ર પ્રમાણે દર્શાવેલ છે. અન્ય પ્રશ્નપત્ર માટે ગુણ અલગ હોઈ શકે છે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

શૈક્ષણિક વર્ષ - 2024-25

ધોરણ-10

વિષય : સામાજિક વિજ્ઞાન (10)

વાર્ષિક પરીક્ષા

સમય : 3 કલાક **પ્રશ્નપત્રનું માળખું** ગુણ : 80

| પ્રશ્ન ક્રમ | વિભાગ તથા પ્રશ્નની વિગત | ગુણ |
|---|---|---|
| | **વિભાગ-A** | 24 |
| 1 થી 24 | નીચે આપેલા પ્રશ્નોના માગ્યા મુજબ જવાબ આપો. (પ્રત્યેકનો 01 ગુણ)<br>• યોગ્ય જોડકાં જોડો. (1 થી 5)<br>• વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો. (6 થી 10)<br>• ખાલીજગ્યા પૂરો. (11 થી 15)<br>• યોગ્ય વિકલ્પ પસંદ કરી M.C.Q.ના જવાબ આપો. (16 થી 20)<br>• એક-બે શબ્દોમાં જવાબ આપો. (21 થી 24) | |
| | **વિભાગ-B** | 18 |
| 25 થી 37 | નીચે આપેલા પ્રશ્નોના માગ્યા મુજબ જવાબ આપો. 13 (તેર)માંથી કોઈ પણ 09 (નવ) (દરેકના 2 ગુણ) પ્રશ્નક્રમાંક 25 થી 37ના આશરે 15 થી 35 શબ્દોમાં જવાબ લખો.<br>• વિધાન સમજાવો/કારણ આપો<br>• નીચે આપેલી વ્યક્તિઓનો પરિચય આપો.<br>• નીચે આપેલા ઐતિહાસિક/ભોગોલિક સ્થળોની ઓળખ આપો.<br>• મને ઓળખો.<br>• ટૂંકમાં જવાબ આપો.<br>• નીચે આપેલ પરિસ્થિતિજન્ય પ્રશ્નોના જવાબ વિચારીને લખો. | |
| | **વિભાગ-C** | 18 |
| 38 થી 46 | પ્રશ્નક્રમાંક 38 થી 46ના જવાબ આશરે 60 થી 80 શબ્દોમાં લખો. 09 (નવ)માંથી કોઈપણ 06 (છ)ના જવાબ લખો. (દરેકના 03 ગુણ)<br>• ટૂંકનોંધ લખો • તફાવત • ચિત્રો જોઈને જવાબ લખો.<br>• ઉપાયો/અસરો/પરિબળો લખો.<br>• ઉચ્ચ વૈચારિક કૌશલ્ય ધરાવતા પ્રશ્નોના જવાબ (HOTS) હોય તો સવાલો પૂછવા. | |
| | **વિભાગ-D** | 20 |
| 47 થી 54 | પ્રશ્નક્રમાંક 47 થી 53ના જવાબ આશરે 120 થી 150 શબ્દોમાં સવિસ્તાર જવાબ લખો. 07 (સાત)માંથી કોઈપણ 04 (ચાર)ના જવાબ લખો (દરેકના 04 ગુણ) અને નકશાનો પ્રશ્ન નં. 54 ફરજિયાત છે.<br>પ્રશ્ન નં. 54 તમને આપેલ ભારતના રેખાંકિત નકશામાં નીચેના સ્થાન દર્શાવો (દરેકનો 01 ગુણ) નકશાના કુલ 04 ગુણ રહેશે.<br>• સવિસ્તાર પ્રશ્નો • કારણો/પરિબળો • ચિત્રોના આધારે પ્રશ્નો<br>• પરિસ્થિતજન્ય પ્રશ્નો | |

નોંધ : પ્રશ્નપત્રમાં આકૃતિ/ચિત્ર/નકશો/આધારિત પ્રશ્નો હોય ત્યાં દૃષ્ટિહીન વિદ્યાર્થીઓ માટે તે પ્રશ્નના વિકલ્પમાં અન્ય પ્રશ્નો મૂકવાના રહેશે.

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## શૈક્ષણિક વર્ષ - 2024-25

## ધોરણ-10

## વિષય : સામાજિક વિજ્ઞાન (10)

## વાર્ષિક પરીક્ષા

સમય : 3 કલાક — નમૂનાનું પ્રશ્નપત્ર — ગુણ : 80

સૂચનાઓ :

- આ પ્રશ્નપત્રમાં ચાર વિભાગો અને 54 પ્રશ્નો છે.
- કેટલાક પ્રશ્નોમાં આંતરિક વિકલ્પ આપેલ છે.
- પ્રશ્નોનાં જમણી બાજુનાં અંક (ગુણ) દર્શાવે છે.
- પ્રશ્ન નં. 38 અને 54માં ફક્ત દૃષ્ટિહીન વિદ્યાર્થીઓ માટે અલગ પ્રશ્નો છે.
- પ્રશ્ન નં. 54 નકશાનો પ્રશ્ન ફરજિયાત છે.

## વિભાગ - A

- નીચે આપેલા પ્રશ્નોના માગ્યા મુજબ જવાબ આપો (દરેકનો 01 ગુણ) [24]
- યોગ્ય જોડકાં જોડો.

| (A) | | (B) |
|---|---|---|
| (1) ધોળાવીરા | – | (A) સુરત |
| (2) જરીકામ | – | (B) ઍલ્યુમિનિયમ |
| (3) કાઝીરંગા | – | (C) ન્યૂયોર્ક |
| (4) બૉક્સાઇટ | – | (D) સૂર્ય |
| (5) ઊર્જાનો મુખ્ય સ્ત્રોત | – | (E) અસમ |
| | – | (F) કચ્છ |

- નીચેના વિધાનો ખરાં છે કે ખેટાં તે જણાવો.

(6) બિહારના પટણા જિલ્લાના બડગાંવ નામના ગામ પાસે પ્રાચીન તક્ષશિલા વિદ્યાપીઠ આવેલી છે.

(7) લોથલ અમદાવાદ જિલ્લાના ધંધુકા તાલુકામાં આવેલું છે.

(8) મોટર સાઈકલ સવાર અને તેની પાછળ બેઠેલ વ્યક્તિએ હેલ્મેટ ફરજિયાત પહેરવું જોઈએ.

(9) માનવ વિકાસ આંક વર્ષ 2015માં નેપાળ પ્રથમ ક્રમે છે.

(10) આતંકવાદ વૈશ્વિક સમસ્યા છે.

- નીચે આપેલી ખાલી જગ્યામાં યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો :

(11) વિદેશી પર્યટકો આવવાથી વિદેશી ________ ભારતને પ્રાપ્ત થાય છે.
(હૂંડિયામણ, નિકાસ, શ્રમબજાર)

(12) ________ માં વન્યજીવોને લગતો કાયદો અમલમાં આવ્યો છે.
(ઈ.સ. 1940, ઈ.સ. 1972, ઈ.સ. 1952)

(13) પૃથ્વીના ________ ટકા ભાગમાં પાણી છે.

(71, 81, 78)

(14) કાવેરી નદીમાંથી ________ નામે જાણીતી નહેરનું નિર્માણ બીજી સદીમાં થયું હતું.

(પૂર્વીય યમુના, ગ્રાન્ડ એનિકટ, ગોદાવરી)

(15) ________ ની રેલવેએ દુર્ગમ પર્વતીય વિસ્તારોમાં સુરંગો ખોદી માર્ગ બનાવી શ્રેષ્ઠ ઈજનેરી કૌશલ્યનું દૃષ્ટાંત પૂરું પાડ્યું છે.

(કોંકણ, ટ્રોમ્બે, વિવેક)

- નીચેના પ્રશ્નોના આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ લખો :

(16) સાચો ક્રમ પસંદ કરી જોડકાં જોડો :

| | |
|---|---|
| (1) હેમચંદ્રાચાર્ય ગ્રંથાલય | (A) મુંબઈ |
| (2) ભારતીય સંગ્રહાલય | (B) ભોપાલ |
| (3) છત્રપતિ શિવાજી મહારાજ સંગ્રહાલય | (C) પાટણ |
| (4) રાષ્ટ્રીય માનવ સંગ્રહાલય | (D) કોલકતા |

(A) (1-C), (2-D), (3-A), (4-B)

(B) (1-A), (2-B), (3-D), (4-C)

(C) (1-A), (2-C), (3-B), (4-D)

(D) (1-B), (2-D), (3-C), (4-A)

(17) વર્ગખંડમાં 'ખેત તલાવડી' વિશે વિદ્યાર્થીઓની ચર્ચા દરમિયાન રજૂ થયેલું કયું વિધાન યોગ્ય છે ?

(A) જય : તે પીવા યોગ્ય પાણીની પ્રાપ્તિનું મહત્ત્વનું સંસાધન છે.

(B) યશ : તે વધુ વૃક્ષો વાવો આંદોલનનું મહત્ત્વનું અંગ છે.

(C) યુગ : તે જમીનનું ધોવાણ અટકાવવાની આધુનિક તકનિક છે.

(D) દક્ષ : તે વૃષ્ટિ જળસંચયની એક પદ્ધતિ છે.

(18) પૃષ્ઠીય જળનો મુખ્ય સ્રોત કયો છે ?

(A) વૃષ્ટિ (B) તળાવો

(C) નદીઓ (D) સરોવર

(19) આર્થિક રીતે ભારત કેવો દેશ છે ?

(A) વિકસિત (B) પછાત

(C) વિકાસશીલ (D) ગરીબ

(20) ભારે વાહન ચલાવવાનું લાઈસન્સ કેટલાં વર્ષની ઉંમર પૂર્ણ થયા બાદ મળી શકે ?

(A) 16 (B) 18

(C) 21 (D) 24

- નીચેના પ્રશ્નોના એક-બે શબ્દોમાં જવાબ લખો.

(21) બે દેશો વચ્ચે ચાલતા વેપારને શું કહેવામાં આવે છે ?

(22) ગુજરાતનું સૌથી મોટું રેલવે સ્ટેશન કયું છે ?

(23) માતા પોતાના બાળકને ઉછેરે છે આ કઈ પ્રવૃત્તિ કહેવાય ?

(24) સેવા ક્ષેત્રમાં કઈ-કઈ સેવાઓનો સમાવેશ થાય છે ?

## વિભાગ - B

- નીચે આપેલા કુલ તેર (13) પ્રશ્નોમાંથી કોઈ પણ નવ (09) પ્રશ્નોના જવાબ લખો : [18]
  (દરેકના 2 ગુણ)

(25) નેગ્રીટો (હબસી) પ્રજા વિશે ટૂંકમાં માહિતી આપો.

(26) ભારત પ્રાચીન સંસ્કૃતિ ધરાવતો દેશ છે – વિધાન સમજાવો.

(27) 'પાટણના પટોળા' વિશે ટૂંકમાં લખો.

(28) માનવજીવન અને માટી વચ્ચે ઘણો જ પ્રચીન સંબંધ રહ્યો છે – વિધાન સમજાવો.

(29) કોણાર્કના સૂર્યમંદિર વિશે લખો.

(30) 'પ્રાચીન સમયથી ભારત તીર્થભૂમિ રહ્યું છે' – વિધાન સમજાવો.

(31) જંગલ વિનાશનાં કારણો જણાવો.

(32) પારિભાષિક શબ્દોના અર્થ :

(1) ખનિજ

(2) બૉક્સાઈટ

(33) ચૂનાના પથ્થરના ઉપયોગો લખો.

(34) મને ઓળખો :

(1) સનરાઈઝ ઈન્ડસ્ટ્રીઝ

(2) પૂર્વનું માન્ચેસ્ટર

(35) શણ ઉદ્યોગ કઈ-કઈ સમસ્યાઓનો સામનો કરી રહ્યો છે – સમજાવો.

(36) આતંકવાદની આર્થિક અસરો જણાવો.

(37) સાંપ્રદાયિકતા દૂર કરવાના ઉપાયો લખો. (ગમે તે ચાર)

## વિભાગ - C


- નીચે આપેલા કુલ નવ (09) પ્રશ્નોમાંથી કોઈપણ છ (06) પ્રશ્નોના મુદ્દાસર જવાબ લખો : [18]
  (પ્રશ્નક્રમાંક 38 થી 46) (દરેકના 3 ગુણ)

(38) નીચેનું ચિત્ર જોઈને સવાલોના જવાબ આપો :

(1) આ કયા સ્તૂપનું ચિત્ર છે ?

(2) આ સ્તૂપ કયા રાજ્યમાં આવેલો છે ?

(3) આ સ્તૂપ કયા ધર્મના સ્થાપત્યકલાનો અમૂલ્ય નમૂનો છે ?



અથવા

(ફક્ત દૃષ્ટિહીન વિદ્યાર્થીઓ માટે)

(38) હમ્પીના સ્થાપત્ય વિશે ટૂંકનોંધ લખો.

(39) ગુજરાતના પ્રસિદ્ધ સૂર્યમંદિર-મોઢેરાનો પરિચય આપો.

(40) પ્રારંભિક બૌદ્ધ સાહિત્ય વિશે જણાવો.

(41) જમીન ધોવાણ અટકાવવાના ઉપાયો જણાવો.

(42) કાળી જમીનને 'કપાસની જમીન' કહેવામાં આવે છે. કારણ આપો.

(43) ટૂંકનોંધ : વિશ્વ વ્યાપાર સંગઠન

(44) ભાવનિર્ધારણ તંત્ર વિશે નોંધ લખો.

(45) ગ્રાહકોનું શોષણ થવાના કારણો જણાવો.

(46) ગુજરાત સરકારે મહિલા સમાનતા માટે કઈ કઈ યોજનાઓ અમલમાં મૂકેલ છે ?

## વિભાગ - D

- નીચે આપેલા 47 થી 53 પ્રશ્નોમાંથી કોઈપણ ચાર (04) પ્રશ્નોના જવાબ લખો. [20]
(દરેકના 4 ગુણ) (પ્રશ્ન 54 નકશો ફરજિયાત છે)

(47) ગણિતથી દુનિયાનો વ્યવહાર ચાલે છે – આ વિધાન વિસ્તારથી સમજાવો.

(48) વૈદિકવિદ્યા અને શલ્ય ચિકિત્સામાં પ્રાચીન ભારતનું મહત્ત્વ સમજાવો.

(49) ઘઉંના પાકના અનુકૂળ સંજોગો જણાવો.

(50) ભારતમાં કૃષિક્ષેત્રે થયેલા ટેક્નિકલ સુધારાઓ જણાવો.

(51) ગરીબી રેખાથી નીચે જીવતા લોકોના સામાન્ય લક્ષણો જણાવો.

(52) બેરોજગારીના મુખ્ય સ્વરૂપો (પ્રકાર) વિશે માહિતી આપો.

(53) બાળમજૂરી અટકાવવાના ઉપાયો જણાવો.

(54) ભારતના રેખાંકિત નકશામાં નીચેની વિગતો આપેલા નકશામાં યોગ્ય સંજ્ઞાઓ વડે યોગ્ય સ્થાને દર્શાવો :

(1) કાંપની જમીન

(2) પેરિયાર અભયારણ્ય

(3) કોફી પકવતો પ્રદેશ - કૂર્ગ

(4) શણ ઉત્પાદન કરતું એક રાજ્ય

અથવા

- ફક્ત દૃષ્ટિહીન વિદ્યાર્થીઓ માટે નીચેના પ્રશ્નોના જવાબ આપો :

(1) કાંપની જમીન કયા રાજ્યમાં આવેલી છે ?

(2) પેરિયાર અભયારણ્ય કયા રાજ્યમાં આવેલું છે ?

(3) કોફી ઉત્પાદન કરતો કૂર્ગ પ્રદેશ કયા રાજ્યમાં આવેલો છે ?

(4) શણ ઉત્પાદન કરતા એક રાજ્યનું નામ લખો.

---